# रेलवे भर्ती बोर्ड / RAILWAY RECRUITMENT BOARDS

## सीईएन - 07/2025 - एनटीपीसी पूर्व-स्नातक स्तर - CEN - 07/2025 - NTPC UNDER GRADUATE LEVEL

सत्यमेव जयते

| | |
|---|---|
| Test Date | 09/05/2026 |
| Test Time | 4:30 PM - 6:00 PM |
| Subject | RRB NTPC UnderGraduate CBT I |

*** Note**
**Correct Answer will carry 1 mark per Question.**
**Incorrect Answer will carry 1/3 Negative mark per Question.**

**1. Options shown in green color with a tick icon are correct.**
**2. Chosen option on the right of the question indicates the option selected by the candidate.**

Section : **Mathematics**

**Q.1** ₹10, ₹5 અને ₹2 ના સિક્કાનો ઉપયોગ કરીને ₹120 ની રકમ ચૂકવવામાં આવે છે. જો ₹10 અને ₹2 ના સિક્કાઓની સંખ્યાની પરસ્પર અદલાબદલી કરવામાં આવે તો રકમ ₹304 થશે. જો ₹5 અને ₹2 ના સિક્કાઓની સંખ્યાની પરસ્પર અદલાબદલી કરવામાં આવે તો રકમ ₹165 થશે. તો ₹120 ની ચૂકવવામાં ₹2 ના કેટલા સિક્કાઓનો ઉપયોગ થયો હશે?

**Ans**
- ✗ A. 20
- ✗ B. 10
- ✓ C. 25
- ✗ D. 15

**Q.2** જો $\cos A = \frac{4}{5}$ હોય, તો $\frac{\sin^2 A - 5\cos^2 A + \sec^2 A}{\tan^2 A}$ નું મૂલ્ય શોધો.

**Ans**
- ✗ A. $-\frac{451}{225}$
- ✓ B. $-\frac{511}{225}$
- ✗ C. $\frac{109}{225}$
- ✗ D. $\frac{23}{225}$

**Q.3** એક અપ્રમાણિક દુકાનદાર પોતાના માલને 35% ખોટ પર વેચવાનો દાવો કરે છે, પરંતુ ખોટા વજનના કાંટાનો (ત્રાજવાનો) ઉપયોગ કરીને 85% નફો મેળવે છે. 1 kg માટે તે જે વાસ્તવિક વજન (એક દશાંશ સ્થાન સુધી) નો ઉપયોગ કરે છે તે શોધો.

**Ans**
- ✗ A. 349.4 gm
- ✗ B. 347.2 gm
- ✗ C. 348.5 gm
- ✓ D. 351.4 gm

**Q.4** કેટલી રકમ (₹માં) પર વાર્ષિક 12% વ્યાજ દરે 2 વર્ષમાં ₹1,440 સાદું વ્યાજ મળશે?

**Ans**
- ✗ A. 12,000
- ✗ B. 345.6
- ✗ C. 3,000
- ✓ D. 6,000

Test
Prime
By Adda247

# ALL EXAMS, ONE SUBSCRIPTION

Test. Analyze. Improve. Repeat.

## Don't just prepare. Perform.

Test Prime — built only for mock tests.

**1,50,000+**
Mock Tests

**25,000+**
Previous Year Papers

**800+**
Exam Covered

**500% Refund**
on Selection

**5 lakh+**
Free Quizzes

PDF
**Daily**
Free PDFs

**Job Alerts**
Stay Updated

- Multilingual
- Detailed Solution
- Strong and Weak Areas

**All India Rankings**
Compete with lakhs.
Rank. Improve. Repeat.
1 2 3

Adda247 test prime
Rating
Editors' choice
New

Test Prime By Adda247
Adda247 Test Prime
Adda Education • Education
Installed

DOWNLOAD THE APP

**Q.5** ત્રણ સંખ્યાઓનો ગુણોત્તર 4 : 3 : 13 છે અને તેમનો લ.સા.અ. 4524 છે, તો તેમનો ગુ.સા.અ. શોધો.

**Ans**
- ✗ A. 21
- ✓ B. 29
- ✗ C. 45
- ✗ D. 49

**Q.6** એક દુકાનદાર એક વસ્તુ પર તેની પડતર કિંમત કરતાં 40% વધુ કિંમત છાપે છે અને તેના પર 25% ડિસ્કાઉન્ટ આપે છે. તો તેને કેટલા ટકા નફો કે ખોટ થશે?

**Ans**
- ✗ A. 15% ખોટ
- ✗ B. 15% નફો
- ✓ C. 5% નફો
- ✗ D. 5% ખોટ

**Q.7** એક દુકાનદાર સમાન છાપેલી કિંમતના રમકડાં પર નીચેની સ્કીમ ઓફર કરે છે.
(A) ગમે તેટલી સંખ્યામાં ખરીદેલા રમકડાં પર 34% અને 37% ના ક્રમિક ડિસ્કાઉન્ટ.
(B) ગમે તેટલી સંખ્યામાં ખરીદેલા રમકડાં પર 36%, 15% અને 14% ના ક્રમિક ડિસ્કાઉન્ટ.
(C) પ્રથમ 6 રમકડાં પર 33% ડિસ્કાઉન્ટ અને ત્યારબાદ દરેક રમકડા પર 9% ડિસ્કાઉન્ટ.
(D) 9 રમકડાંની ખરીદી પર 3 રમકડાં મફત.
એક ગ્રાહક 9 રમકડાં ખરીદવા માંગે છે. ઉપરોક્તમાંથી કઈ સ્કીમ તેમના માટે સૌથી ઓછી ફાયદાકારક છે?

**Ans**
- ✓ A. C
- ✗ B. A
- ✗ C. B
- ✗ D. D

**Q.8** બે નળ એક ટાંકીને અનુક્રમે 4 કલાક અને 16 કલાકમાં ભરી શકે છે. ત્રીજો નળ તેને 4 કલાકમાં ખાલી કરી શકે છે. જો ત્રણેય નળ એકસાથે ખોલવામાં આવે તો ખાલી ટાંકીનો ચોથો ભાગ ભરવામાં કેટલો સમય (કલાકોમાં) લાગશે?

**Ans**
- ✗ A. 16
- ✗ B. 12
- ✗ C. 8
- ✓ D. 4

**Q.9** એક દુકાનદાર જેકેટની છાપેલી કિંમત ₹2,000 રાખે છે. તે તેના પર 20% ડિસ્કાઉન્ટ આપે છે, પરંતુ ડિસ્કાઉન્ટ પછીની કિંમત પર 5% GST લગાડે છે. તો ગ્રાહકે જેકેટ માટે અંતે કેટલી કિંમત ચૂકવવી પડશે?

**Ans**
- ✗ A. ₹1,596
- ✓ B. ₹1,680
- ✗ C. ₹1,880
- ✗ D. ₹1,700

**Q.10** જો પદાવલી $x^3 - 3x^2 - 7x - k$ એ $(x - 5)$ વડે વિભાજ્ય હોય, તો k ની કિંમત શોધો.

**Ans**
- ✗ A. -5
- ✓ B. 15
- ✗ C. -15
- ✗ D. 5

**Q.11** 25 અવલોકનોનો સમાંતર મધ્યક 32.6 છે. જો પ્રથમ 24 અવલોકનોનો સમાંતર મધ્યક 30 હોય, તો 25મું અવલોકન શોધો.

**Ans**
- ✗ A. 80
- ✗ B. 90
- ✓ C. 95
- ✗ D. 85

**Q.12** 0.25 અને 0.15 નું ત્રીજું પ્રમાણપદ શું છે?

**Ans**
- ✗ A. 0.02
- ✓ B. 0.09
- ✗ C. 0.15
- ✗ D. 0.04

**Q.13** એક નિયમિત અષ્ટકોણીય ફૂવારાની પરિત્રિજ્યા 10 m છે. તો તેની દરેક બાજુની આશરે લંબાઇ શોધો.

**Ans**
- ✗ A. 6.13 m
- ✗ B. 8.71 m
- ✓ C. 7.65 m
- ✗ D. 9.27 m

**Q.14** સાદું રૂપ આપો: $\left\{\frac{15}{42} \div \frac{15}{3}\right\} \div \left(\frac{3}{10} \times \frac{20}{9} + \frac{5}{14}\right) + \frac{3}{6} \div \frac{43}{20} \text{ of } \frac{20}{6}$

**Ans**
- ✓ A. $\frac{6}{43}$
- ✗ B. $\frac{14}{47}$
- ✗ C. $\frac{4}{37}$
- ✗ D. $\frac{11}{45}$

**Q.15** બે સંખ્યાઓનો ગુ.સા.અ. અને લ.સા.અ. અનુક્રમે 25 અને 500 છે. જો પ્રથમ સંખ્યાને 2 વડે ભાગવામાં આવે, તો ભાગફળ 50 અને શેષ શૂન્ય મળે છે. તો બીજી સંખ્યા શોધો.

**Ans**
- ✗ A. 50
- ✓ B. 125
- ✗ C. 250
- ✗ D. 100

**Q.16** 4, 6 અને 8 નું ચોથું પ્રમાણપદ m છે. 8 અને mનું ત્રીજું પ્રમાણપદ n છે. તો, n નું મૂલ્ય શું છે?

**Ans**
- ✗ A. 20
- ✓ B. 18
- ✗ C. 24
- ✗ D. 16

**Q.17** એક ચોરસની અંદર બીજો ચોરસ એવી રીતે દોરવામાં આવે છે કે અંદરના ચોરસનું દરેક શિરોબિંદુ બહારના ચોરસની બાજુના મધ્યબિંદુ પર આવે. જો અંદરના ચોરસની પરિમિતિ 40 cm હોય, તો બહારના ચોરસની પરિમિતિ શોધો.

**Ans**
- ✓ A. $40\sqrt{2}$ cm
- ✗ B. 40 cm
- ✗ C. $20\sqrt{2}$ cm
- ✗ D. $80\sqrt{2}$ cm

**Q.18** પાંચ મિત્રોએ રસોઈ સ્પર્ધા (Cooking contest) માં ભાગ લીધો અને 10 માંથી અનુક્રમે 6, 8, 7, 9 અને 5 ગુણ મેળવ્યા. તો તેમના ગુણોનું સમાંતર મધ્યક શું છે?

**Ans**
- ✗ A. 6.5
- ✓ B. 7
- ✗ C. 8.5
- ✗ D. 8

Q.19 A એક કામ 9 દિવસમાં પૂરું કરી શકે છે, જ્યારે B અને C પૈકી દરેક તે કામ 18 દિવસમાં પૂરું કરી શકે છે. ત્રણેય સાથે મળીને કામ કરવાનું શરૂ કરે છે અને x દિવસ સુધી કામ કરે છે. ત્યારબાદ A કામ છોડી દે છે, B અને C સાથે મળીને બાકીનું કામ x દિવસમાં પૂરું કરે છે. તો x નું મૂલ્ય શોધો.

Ans
- ✗ A. 4.5
- ✗ B. 4
- ✓ C. 3
- ✗ D. 3.5

Q.20 ઈંધણના ભાવમાં સતત ત્રણ મહિનામાં અનુક્રમે 55%, 35% અને 45% નો ઘટાડો થાય છે, પરંતુ ચોથા મહિનામાં 40% નો વધારો થાય છે. ચોથા મહિનામાં ઈંધણના ભાવમાં તેની મૂળ કિંમતની તુલનામાં કેટલા ટકાનો ઘટાડો થયો હશે? (જવાબમાં 2 દશાંશ સ્થાન સુધી આવરી લો.)

Ans
- ✗ A. 81.67%
- ✗ B. 73.05%
- ✓ C. 77.48%
- ✗ D. 76.52%

Q.21 એક બસ 54 km/hr ની એકધારી ઝડપે મુસાફરી કરે છે. તો તે 1 મિનિટમાં કેટલા મીટરનું અંતર કાપી લેશે?

Ans
- ✗ A. 800 મીટર
- ✓ B. 900 મીટર
- ✗ C. 600 મીટર
- ✗ D. 750 મીટર

Q.22 મૂલ્યાંકન કરો: $22^3 + (-15)^3 + (-7)^3$

Ans
- ✗ A. 6981
- ✓ B. 6930
- ✗ C. 6929
- ✗ D. 6826

Q.23 ₹2000 નું રોકાણ 2 વર્ષ માટે વાર્ષિક 20% ચક્રવૃદ્ધિ વ્યાજ દરે કરવામાં આવે અને જો તે વાર્ષિક રીતે ચક્રવૃદ્ધિ થાય, તો 2 વર્ષના અંતે કેટલું ચક્રવૃદ્ધિ વ્યાજ મળશે?

Ans
- ✗ A. ₹1000
- ✗ B. ₹800
- ✗ C. ₹900
- ✓ D. ₹880

Q.24 જો એક નિસરણી દિવાલને જે ઊંચાઈએ સ્પર્શે છે, તે 6 મીટર અને 24 મીટર વચ્ચેની મધ્યમ પ્રમાણપદ (mean proportional) હોય, તો નિસરણી દિવાલને કેટલી ઊંચાઈએ સ્પર્શે છે?

Ans
- ✗ A. 18 મીટર
- ✗ B. 16 મીટર
- ✗ C. 14 મીટર
- ✓ D. 12 મીટર

Q.25 અમિતની હાલની ઉંમર તેના ભાઈ સુમિતની ઉંમર કરતા બમણી છે. પાંચ વર્ષ પહેલાં, તેમની ઉંમરનો ગુણોત્તર 5:2 હતો. તો સુમિતની હાલની ઉંમર કેટલી હશે?

Ans
- ✗ A. 8 વર્ષ
- ✓ B. 15 વર્ષ
- ✗ C. 10 વર્ષ
- ✗ D. 20 વર્ષ

Q.26 એક મોટરચાલક એક ચોક્કસ મુસાફરી બે તબક્કામાં કરે છે. પ્રથમ તબક્કામાં, તે કુલ સમયના ત્રીજા ભાગના સમયમાં 30 km/hr ની ઝડપે મુસાફરી કરે છે. બીજા તબક્કામાં, તે બાકીના સમયમાં 60 km/hr ની ઝડપે મુસાફરી કરે છે. તે 75 km/hr ની એકસમાન ઝડપે શરૂઆતના સ્થાને પાછો ફરે છે. તો જવા-આવવાની સમગ્ર મુસાફરી દરમિયાન મોટરચાલકની સરેરાશ ઝડપ શોધો.

Ans
- ✗ A. 58 km/hr
- ✗ B. 55 km/hr
- ✓ C. 60 km/hr
- ✗ D. 62 km/hr

Q.27 એક ત્રિકોણનો પાયો 18 cm અને ઊંચાઇ 20 cm છે. તેનાથી બમણું ક્ષેત્રફળ ધરાવતા અને 24 cm પાયો ધરાવતા અન્ય ત્રિકોણની ઊંચાઈ શોધો.

Ans
- ✗ A. 22 cm
- ✗ B. 20 cm
- ✓ C. 30 cm
- ✗ D. 24 cm

Q.28 એક શર્ટની કિંમત ₹200 થી ઘટીને ₹180 થાય છે, તો કેટલા ટકા ઘટાડો થાય છે?

Ans
- ✓ A. 10%
- ✗ B. 20%
- ✗ C. 5%
- ✗ D. 15%

Q.29 $\frac{11}{16}$ અને $0.4375$ નો સરવાળો કરો. દશાંશ સ્વરૂપમાં આ સરવાળો કેટલો થશે?

Ans
- ✗ A. 0.958
- ✗ B. 0.975
- ✓ C. 1.125
- ✗ D. 1.208

Q.30 30 + [{-9 × (26 - 13 + 5)}] નું સાદું રૂપ આપો.

Ans
- ✗ A. -133
- ✓ B. -132
- ✗ C. -134
- ✗ D. -135

## Section : General Awareness

Q.31 ચોલ શાસન દરમિયાન તમિલ ભક્તિ સ્તોત્રોની લોકપ્રિયતા પાછળનું એક મહત્ત્વનું કારણ શું હતું?

Ans
- ✗ A. વૈદિક પ્રથાઓ સામે તેમનો વિરોધ
- ✗ B. તેમનો મંદિરની વિધિઓનો અસ્વીકાર
- ✓ C. વેલ્લાલા ખેડૂતો અને શાસકો તરફથી તેમને મળેલું સમર્થન
- ✗ D. સ્થાનિક આદિવાસી દેવી-દેવતાઓની પૂજા પર તેમનો ભાર

Q.32 જીવંત સજીવોમાં કોષરસસ્તર (cell membrane)ની રચનામાં લિપિડ્સ શા માટે મહત્ત્વના છે?

Ans
- ✗ A. તેઓ પ્રોટીન સંશ્લેષણ માટેની સૂચનાઓ પૂરી પાડે છે.
- ✓ B. તેઓ એક એવો અવરોધ બનાવે છે જે કોષમાં શું પ્રવેશે છે અને શું બહાર નીકળે છે તેનું નિયંત્રણ રાખે છે.
- ✗ C. તેઓ જૈવરાસાયણિક પ્રક્રિયાઓમાં ઉદ્દીપક તરીકે કાર્ય કરે છે.
- ✗ D. તેઓ જનીનિક માહિતીનો સંગ્રહ કરે છે.

Q.33 નીચેનામાંથી કયા બૌદ્ધ ગ્રંથમાં મઠમાં ભિક્ષુઓ માટેના નિયમો (આચારસંહિતા)નું વર્ણન કરવામાં આવ્યું છે?

Ans
- ✗ A. અંગુત્તર નિકાય (Anguttara Nikaya)
- ✗ B. સુત્ત પિટક (Sutta Pitaka)
- ✗ C. અભિધમ્મ પિટક (Abhidhamma Pitaka)
- ✓ D. વિનય પિટક (Vinaya Pitaka)

Q.34 Windows ઓપરેટિંગ સિસ્ટમના આર્કિટેક્ચરમાં, કયો મહત્વપૂર્ણ ઘટક એપ્લિકેશન પ્રોગ્રામ્સ અને મુખ્ય હાર્ડવેર વચ્ચે સેતુ તરીકે કામ કરે છે, જે પ્રોટેક્ટ મોડમાં રહીને પ્રોસેસ શિડ્યુલિંગ, મેમરી ફાળવણી અને ઈન્ટરપ્ટ હેન્ડલિંગનું સંચાલન કરે છે?

Ans
- ✗ A. Windows શેલ (એક્સપ્લોરર), જે ડેસ્કટોપ, ટાસ્કબાર અને ફાઇલ સિસ્ટમ યુઝર ઇન્ટરફેસનું સંચાલન કરે છે.
- ✗ B. હાર્ડવેર એબ્સ્ટ્રેક્શન લેયર (એચ. એ. એલ.), જે કર્નલને પ્લેટફોર્મ-વિશિષ્ટ હાર્ડવેરની વિવિધતાથી અલગ પાડે છે.
- ✗ C. Win32 સબસિસ્ટમ, જે 32-bit એપ્લિકેશનો માટેની સૂચનાઓનું ભાષાંતર કરે છે અને ડિસ્પ્લે આઉટપુટનું સંચાલન કરે છે.
- ✓ D. Kernel, જેમાં એક્ઝિક્યુટિવ સેવાઓ, પ્રોસેસ મેનેજર અને સુરક્ષા સંદર્ભ મોનિટરનો સમાવેશ થાય છે.

Q.35 ભારતીય બંધારણના કયા અનુચ્છેદ હેઠળ દર પાંચ વર્ષે નાણાં પંચની સ્થાપના કરવાની બંધારણીય જોગવાઈ કરવામાં આવી છે?

Ans
- ✓ A. અનુચ્છેદ 280
- ✗ B. અનુચ્છેદ 291
- ✗ C. અનુચ્છેદ 270
- ✗ D. અનુચ્છેદ 299

Q.36 અર્ધ-શુષ્ક ઉત્તર-પશ્ચિમ ભારતમાં, સઘન નહેર સિંચાઈને કારણે જમીનની ક્ષારતામાં વધારો અને પાકની ઉપજમાં ઘટાડો થયો છે. આને શ્રેષ્ઠ રીતે કયું સમજાવે છે અને તેમાં કયા સુધારાની જરૂર છે?

Ans
- ✗ A. અતિશય સિંચાઈ નીચે રહેલા પોષક તત્વોને ધોઈ નાખે છે; પ્રાથમિકતા રાસાયણિક ખાતરોનો વપરાશ વધારવાની છે.
- ✗ B. લાંબા સમય સુધી સિંચાઈ જળભરાવાનું કારણ બને છે; પ્રાથમિકતા દુષ્કાળ-પ્રતિકારક પાકની જાતો તરફ વળવાની છે.
- ✗ C. નહેરનું ઠંડું પાણી પાકો પર શારીરિક તાણ પેદા કરે છે; પ્રાથમિકતા સિંચાઈના પાણીના તાપમાનને નિયંત્રિત કરવાની છે.
- ✓ D. ભૂગર્ભ જળસ્તર ઊંચું આવવાથી ક્ષાર વધે છે; પ્રાથમિકતા ડ્રેનેજની સુધારણા અને ક્ષારના નિક્ષાલનની છે.

Q.37 રાસાયણિક ઊર્જાનું વિદ્યુત ઊર્જામાં અને ત્યારબાદ પ્રકાશ અને ઉષ્મીય ઊર્જામાં રૂપાંતર નીચેનામાંથી કયા કિસ્સામાં થાય છે?

Ans
- ✗ A. જયારે પાણી ઉકાળવામાં આવે ત્યારે
- ✓ B. જયારે ફ્લેશલાઇટ ચાલુ કરવામાં આવે ત્યારે
- ✗ C. જ્યારે મીણબત્તી બળે ત્યારે
- ✗ D. જ્યારે પંખો ફરે ત્યારે

Q.38 પુંછી કમિશન (2007) મુખ્યત્વે ભારતીય બંધારણની કઈ જોગવાઈના મૂલ્યાંકન અને ભલામણો માટે રચવામાં આવ્યું હતું?

Ans
- ✓ A. કેન્દ્ર-રાજ્ય સંબંધો
- ✗ B. ભારતમાં ચૂંટણી સુધારા
- ✗ C. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો
- ✗ D. મૂળભૂત અધિકારો

Q.39 ભારતીય બંધારણના કયા અનુચ્છેદ હેઠળ ગ્રામ પંચાયતોની રચનાની જોગવાઈ કરવામાં આવી છે?

Ans
- ✓ A. અનુચ્છેદ 40
- ✗ B. અનુચ્છેદ 37
- ✗ C. અનુચ્છેદ 13
- ✗ D. અનુચ્છેદ 50

| | |
|---|---|
| Q.40 | **નીચેની કઈ સમિતિએ ભારતમાં કર સુધારાઓ (tax reforms) પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે?** |
| Ans | ✗ A. મલ્હોત્રા સમિતિ<br>✓ B. વિજય એલ કેલકર સમિતિ<br>✗ C. નરસિંહમ સમિતિ<br>✗ D. રંગરાજન સમિતિ |

| | |
|---|---|
| Q.41 | **ભારતીય રાષ્ટ્રવાદમાં ઉગ્રવાદી લીડરોએ કયો મૂળભૂત ફેરફાર દાખલ કર્યો?** |
| Ans | ✗ A. પશ્ચિમી શિક્ષણનો પ્રચાર<br>✓ B. આમૂલ માધ્યમો (Radical methods) દ્વારા 'સ્વરાજ'નું આર્ટિક્યુલેશન<br>✗ C. ક્રમિક બંધારણીય સુધારાઓ (Gradual constitutional reforms) પર ભાર<br>✗ D. સહકારી રાજકીય ડાયલોગ માટે સમર્થન |

| | |
|---|---|
| Q.42 | **નીચેનામાંથી કયું સિસ્ટમ સોફ્ટવેરનું મુખ્ય કાર્ય છે?** |
| Ans | ✓ A. કમ્પ્યુટર હાર્ડવેરનું સંચાલન કરવું અને એપ્લિકેશનો ચલાવવી<br>✗ B. ઇમેજને સંપાદિત કરવી<br>✗ C. દસ્તાવેજો બનાવવા<br>✗ D. ઇન્ટરનેટ બ્રાઉઝ કરવું |

| | |
|---|---|
| Q.43 | **નીચેનામાંથી કયા કુદરતી પ્રદેશમાં લાંબા મૂળ, થોડા કે કોઈ પાંદડા વિનાની અને મીણયુક્ત અથવા સોય આકારના પાંદડા ધરાવતી ઝેરોફાઈટીક (xerophytic) અથવા દુષ્કાળ સામે ટકી રહેતી કાંટાળી વનસ્પતિનું પ્રભુત્વ જોવા મળે છે?** |
| Ans | ✗ A. ભૂમધ્ય જંગલો (Mediterranean woodland)<br>✗ B. બ્રિટિશ પ્રકારનો ઠંડો સમશીતોષ્ણ પ્રદેશ<br>✓ C. ગરમ રણ (સહારા પ્રકાર) પ્રદેશ<br>✗ D. અર્ધ-શુષ્ક ઘાસના મેદાનો (Steppe grasslands) |

| | |
|---|---|
| Q.44 | **કયા આદિવાસી આંદોલનની તીવ્રતાને કારણે બ્રિટિશરોને દૂરના પ્રદેશોમાંથી સૈનિકો તૈનાત કરવાની જરૂર પડી?** |
| Ans | ✗ A. છૂટાછવાયા (Sporadic) સ્થાનિક વિરોધ પ્રદર્શનો તરીકે ઓળખાતો ખાનદેશમાં ભીલ બળવો<br>✗ B. માત્ર દરિયાકાંઠાના માછીમારી ગામો સુધી મર્યાદિત મેપિલા બળવો<br>✗ C. બ્રિટિશ સત્તાને પડકાર આપતું સિંઘભૂમમાં કોલ બળવો<br>✓ D. મર્યાદિત લશ્કરી પ્રતિક્રિયા (Military response) સાથે સમાપ્ત થયેલ સંથાલ બળવો |

| | |
|---|---|
| Q.45 | **મુખ્ય બૌદ્ધ ગ્રંથોમાંનો એક, વિનય પિટક મુખ્યત્વે નીચેનામાંથી શેના પર ધ્યાન કેન્દ્રિત કરે છે?** |
| Ans | ✓ A. સાધુઓ અને સાધ્વીઓ માટેના નિયમો<br>✗ B. ધ્યાન પદ્ધતિઓ અને તત્વજ્ઞાન<br>✗ C. બ્રહ્માંડવિજ્ઞાન અને જ્યોતિષીય પ્રણાલીઓ<br>✗ D. બુદ્ધના પૂર્વ જન્મની વાર્તાઓ |

| | |
|---|---|
| Q.46 | **"ધ ગ્રેટ કોન્સિલિએટરઃ લાલ બહાદુર શાસ્ત્રી એન્ડ ધ ટ્રાન્સફોર્મેશન ઓફ ઇન્ડિયા" પુસ્તક, જેનું એપ્રિલ 2025માં વિમોચન કરવામાં આવ્યું હતું, તેના લેખક કોણ છે?** |
| Ans | ✓ A. સંજીવ ચોપડા<br>✗ B. અરુણ સિંઘલ અને દેવેન્દ્ર કુમાર શર્મા<br>✗ C. પી.એસ. રમણ<br>✗ D. રોઝી થોમસ |

Q.47 કમ્પ્યુટર એપ્લિકેશનની કઈ કેટેગરી કાર, મકાનો અને મશીનરી જેવી જટિલ ભૌતિક વસ્તુઓના નિર્માણ પહેલાં તેની ડિઝાઇન તૈયાર કરવા માટે સૌથી મહત્ત્વની છે?

Ans
- ✗ A. સિમ્યુલેશન સોફ્ટવેર (Simulation Software)
- ✓ B. કોમ્પ્યુટર-એઇડેડ ડિઝાઇન (સીએડી) (Computer-Aided Design) (CAD)
- ✗ C. ડેટા મેનેજમેન્ટ સિસ્ટમ્સ (Data Management Systems)
- ✗ D. પ્રેઝન્ટેશન સોફ્ટવેર (Presentation Software)

Q.48 કમ્પ્યુટરની એક્ટિવ એપ્લિકેશન્સ બંધ કરવા માટે કઈ કીનું સંયોજન વપરાય છે?

Ans
- ✗ A. Alt કી + F1 ફંક્શન કી
- ✗ B. Alt કી + F8 ફંક્શન કી
- ✓ C. Alt કી + F4 ફંક્શન કી
- ✗ D. Alt કી + F6 ફંક્શન કી

Q.49 12મી સદીના સંત અને વચન આંદોલનના પ્રણેતા બસવન્નાએ કઈ ભાષાના ભક્તિ સાહિત્યમાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું?

Ans
- ✗ A. હિન્દી
- ✗ B. ઉડિયા
- ✗ C. મરાઠી
- ✓ D. કન્નડ

Q.50 માર્ચ 2025 માં, લેનોવોએ ભારતનું સૌથી મોટું AI સુપર કોમ્પ્યુટર બનાવવા માટે કઈ ભારતીય AI ફર્મ સાથે ભાગીદારીની જાહેરાત કરી?

Ans
- ✓ A. કૃત્રિમ
- ✗ B. L&T સેમિકન્ડક્ટર
- ✗ C. QpiAI
- ✗ D. AI4Bharat

Q.51 ડિસેમ્બર 2025માં, ઓરિએન્ટ ટેક્નોલોજીસ (Orient Technologies)એ સમગ્ર ભારતમાં અદ્યતન AI-સંચાલિત SIEM ક્ષમતાઓ પૂરી પાડવા માટે કઈ કંપની સાથે વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત કરી છે?

Ans
- ✗ A. Digi Yatra (ડિજી યાત્રા)
- ✗ B. Sophos Limited (સોફોસ લિમિટેડ)
- ✗ C. ServiceNow (સર્વિસનાઉ)
- ✓ D. Securonix (સેક્યુરોનિક્સ)

Q.52 ભારતમાં જાહેર મુદ્દાઓ અને રાષ્ટ્રીય નીતિ પર ચર્ચા અને વિચારવિમર્શ કરવા માટેનું સર્વોચ્ચ મંચ કયું છે?

Ans
- ✗ A. રાષ્ટ્રપતિનું કાર્યાલય
- ✗ B. સુપ્રીમ કોર્ટ
- ✗ C. ચૂંટણી પંચ
- ✓ D. સંસદ

Q.53 ભારતમાં, નીચેનામાંથી કઈ સંસ્થા નાણાં પુરવઠાને અસરકારક રીતે સંચાલિત કરવા માટે ઓપન માર્કેટ ઓપરેશન્સ (OMOs) ચલાવે છે?

Ans
- ✗ A. દરેક રાજ્યની માલિકીની સરકારી બેંક
- ✗ B. નેશનલ બેંક ફોર એગ્રિકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (NABARD)
- ✗ C. સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (SEBI)
- ✓ D. ભારતીય રિઝર્વ બેંક (RBI)

**Q.54** નીચેનામાંથી કયા પ્રકારના જંગલોમાં સ્પ્રુસ (spruce), ફિર (fir) અને પાઈન (pine) જેવા વૃક્ષોની સાથે લિંક્સ (lynx) અને મૂઝ (moose) જેવા પ્રાણીઓ મળી આવવાની સૌથી વધુ શક્યતા છે?

**Ans**

- ✗ A. આલ્પાઇન ટુંડ્ર
- ✗ B. સમશીતોષ્ણ પાનખર જંગલો
- ✗ C. ઉષ્ણકટિબંધીય વર્ષાવનો
- ✓ D. શંકુદ્રુમ જંગલો

**Q.55** નીચેનામાંથી કયા દેશે અને ભારત સાથે ઓક્ટોબર 2024 માં તેમના હાલના કરતારપુર કોરિડોર કરારને રીન્યૂ કર્યો હતો?

**Ans**

- ✗ A. બાંગ્લાદેશ
- ✗ B. નેપાળ
- ✗ C. ચીન
- ✓ D. પાકિસ્તાન

**Q.56** ઋગ્વેદમાં આર્ય વર્ણ અને દાસ વર્ણ શબ્દોનો ઉલ્લેખ છે. પ્રારંભિક વૈદિક સંદર્ભમાં, આ શબ્દો શું સૂચવે છે?

**Ans**

- ✗ A. વેપાર વિશેષતા પર આધારિત વ્યાવસાયિક મહાજન મંડળો
- ✗ B. ચુસ્તપણે જન્મ પર આધારિત ચતુર્વર્ણ અધિક્રમ.
- ✓ C. વૈદિક લોકો અને બિન-વૈદિક જૂથો વચ્ચેનો ભેદ.
- ✗ D. આદિવાસી વહીવટમાં રાજકીય હોદ્દાઓ.

**Q.57** જાહેર હિતની અરજી (Public Interest Litigation) એ કયા સિદ્ધાંતનું ઉદાહરણ છે?

**Ans**

- ✗ A. કારોબારી કાર્યવાહી (Executive Action)
- ✗ B. ન્યાયિક તટસ્થતા (Judicial Neutrality)
- ✗ C. ન્યાયિક સમીક્ષા
- ✓ D. ન્યાયિક સક્રિયતા

**Q.58** રાજકોષીય શાલીનતા (fiscal prudence)ને પ્રોત્સાહન આપવા માટે ભારતીય સંસદે કયા વર્ષમાં 'રાજકોષીય જવાબદારી અને બજેટ વ્યવસ્થાપન' (FRBM) અધિનિયમ પસાર કર્યો હતો?

**Ans**

- ✗ A. 1991
- ✗ B. 1998
- ✓ C. 2003
- ✗ D. 2005

**Q.59** ભારતીય બંધારણની નીચેનામાંથી કઈ જોગવાઈ હેઠળ મૂળભૂત અધિકારોમાં "કાયદા સમક્ષ સમાનતા" (Equality before law) અને "કાયદાઓનું સમાન રક્ષણ" (equal protection of the laws) આપવામાં આવ્યું છે?

**Ans**

- ✗ A. અનુચ્છેદ 16
- ✓ B. અનુચ્છેદ 14
- ✗ C. અનુચ્છેદ 13
- ✗ D. અનુચ્છેદ 15

**Q.60** 1905 માં બંગાળમાં સ્વદેશી અને બહિષ્કાર આંદોલનની ઔપચારિક જાહેરાત કયા સ્થળે આયોજિત એક બેઠકમાં કરવામાં આવી હતી?

**Ans**

- ✗ A. નાગપુર કોંગ્રેસ
- ✗ B. બનારસ કોંગ્રેસ
- ✓ C. કલકત્તા ટાઉન હોલ
- ✗ D. ઢાકા ટાઉન સ્ક્વેર

**Q.61** કયો ખંડ અત્યંત ઠંડો અને મોટાભાગે બરફથી ઢંકાયેલો હોવા માટે જાણીતો છે?

Ans
- ✗ A. આફ્રિકા
- ✗ B. દક્ષિણ અમેરિકા
- ✗ C. ઉત્તર અમેરિકા
- ✓ D. એન્ટાર્કટિકા

**Q.62** ધી એનર્જી એન્ડ રિસોર્સીસ ઇન્સ્ટિટ્યૂટ (TERI) દ્વારા આયોજિત 24મી વર્લ્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સમિટ (WSDS 2025) ની થીમ શું છે?

Ans
- ✗ A. "ગ્રીન ટેક્નોલોજી ફોર ફ્યુચર ઇકોનોમીઝ"
- ✓ B. "પાર્ટનરશિપ્સ ફોર એક્સિલરેટિંગ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ એન્ડ ક્લાઇમેટ સોલ્યુશન્સ"
- ✗ C. "ઇનોવેશન્સ ફોર કાર્બન ન્યુટ્રાલિટી"
- ✗ D. "બાયોડાયવર્સિટી કન્ઝર્વેશન એન્ડ ક્લાઇમેટ રિઝિલિયન્સ"

**Q.63** 2011ની વસ્તી ગણતરીમાં કયા ભારતીય રાજ્યમાં સૌથી ઓછો બાળ લિંગ ગુણોત્તર (0–6 વર્ષ) નોંધાયો હતો?

Ans
- ✗ A. ચંડીગઢ
- ✗ B. જમ્મુ & કાશ્મીર
- ✗ C. પંજાબ
- ✓ D. હરિયાણા

**Q.64** COP30 ના નિવેદનમાં, જુલાઈ 2025 સુધીમાં ભારત કયા લક્ષ્યાંકને હાંસલ કરવાનો દાવો કરે છે?

Ans
- ✗ A. શૂન્ય કોલસા આધારિત વીજ મથકો
- ✗ B. બિન-અશ્મિભૂત સ્રોતોમાંથી 25% વીજળી
- ✗ C. 2030 સુધીમાં 100% પુનઃપ્રાપ્ય ઊર્જા
- ✓ D. બિન-અશ્મિભૂત સ્રોતોમાંથી 50% સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા

**Q.65** નવેમ્બર 2025 માં કયા ભારતીય ખેલાડીએ 352 છગ્ગા સાથે ODI ક્રિકેટમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો નવો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો?

Ans
- ✗ A. શુભમન ગિલ
- ✗ B. વિરાટ કોહલી
- ✓ C. રોહિત શર્મા
- ✗ D. સૂર્યકુમાર યાદવ

**Q.66** જ્યારે વિદ્યુતભારના પરિમાણોની વિચારણા કરવામાં આવે, ત્યારે SI મૂળભૂત રાશિઓના સંદર્ભમાં તેને દર્શાવવા માટે કયા મૂળભૂત એકમોનું સંયોજન કરવું આવશ્યક છે?

Ans
- ✗ A. વિદ્યુતપ્રવાહ અને લંબાઈ
- ✗ B. દળ અને વિદ્યુતપ્રવાહ
- ✓ C. વિદ્યુતપ્રવાહ અને સમય
- ✗ D. લંબાઈ અને સમય

**Q.67** કયા મુઘલ બાદશાહે મનસબદારી પ્રથા (Mansabdari system) અને કેન્દ્રીયકૃત અમલદારશાહી (centralized bureaucracy) દાખલ કરીને શાહી સત્તાને મજબૂત કરી હતી?

Ans
- ✗ A. મુહમ્મદ શાહ
- ✗ B. હુમાયુ
- ✗ C. શાહજહાં
- ✓ D. અકબર

Q.68 વસ્તી ગણતરી 2011 (Census 2011) ના ડેટા મુજબ ભારતનો સાક્ષરતા દર કેટલો હતો?

Ans
- ✗ A. 64.83%
- ✗ B. 79.40%
- ✗ C. 70.00%
- ✓ D. 74.04%

Q.69 દ્વિદળી (Dicotyledonous) વનસ્પતિઓમાં, કયા પ્રકારના મૂળમાં મુખ્ય પ્રાથમિક મૂળ હોય છે, જેમાંથી પાર્શ્વ શાખાઓ (lateral branches) ઉદ્ભવે છે?

Ans
- ✓ A. સોટીમય મૂળતંત્ર
- ✗ B. તંતુમય મૂળતંત્ર
- ✗ C. સ્તંભ મૂળતંત્ર
- ✗ D. અસ્થાનિક મૂળતંત્ર

Q.70 વિશ્વ રક્તપિત્ત દિવસ (World Leprosy Day) 2025 ની થીમ શું હતી?

Ans
- ✗ A. "ગૌરવ માટે એક થાઓ"
- ✗ B. "અત્યારે જ કાર્ય કરો. રક્તપિત્તનો અંત લાવો."
- ✓ C. "એક બનો. કાર્ય કરો. નાબૂદ કરો."
- ✗ D. "રક્તપિત્તને હરાવો."

Section : **General Intelligence and Reasoning**

Q.71 આપેલા વિધાનો અને તારણોને ધ્યાનથી વાંચો. ધારી લો કે વિધાનોમાં આપેલી માહિતી સાચી છે, ભલે તે સામાન્ય રીતે જાણીતા તથ્યોથી અલગ હોય. નક્કી કરો કે આપેલામાંથી કયું/કયા તારણ વિધાનોને તાર્કિક રીતે અનુસરે છે.

વિધાનો:
તમામ શાકેટ, હેટ છે.
કેટલાક શાકેટ, કેપ છે.

તારણો:
(I) કેટલીક હેટ, કેપ છે.
(II) તમામ કેપ, શાકેટ છે.

Ans
- ✓ A. માત્ર તારણ (I) અનુસરે છે
- ✗ B. ન તો તારણ (I) કે ન તો તારણ (II) અનુસરે છે
- ✗ C. માત્ર તારણ (II) અનુસરે છે
- ✗ D. તારણ (I) અને તારણ (II) બંને અનુસરે છે

Q.72 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવવું જોઈએ?

YKQ QCI IUA AMS ?

Ans
- ✓ A. SEK
- ✗ B. PEG
- ✗ C. KFY
- ✗ D. RAD

Q.73 G એ Y ના પિતા છે. Y એ J નો પુત્ર છે. M એ W નો ભાઈ છે. W એ J નો પુત્ર છે. તો G નો W સાથે શું સંબંધ છે?

Ans
- ✗ A. ભાઈ
- ✓ B. પિતા
- ✗ C. પતિ
- ✗ D. પુત્ર

**Q.74** નીચેની ત્રિપુટીમાં, દરેક અક્ષર સમૂહ એક ચોક્કસ તર્કને અનુસરતા અનુગામી (અક્ષર સમૂહ) સાથે સંબંધિત છે. તો આપેલા વિકલ્પોમાંથી તે વિકલ્પ પસંદ કરો જે સમાન તર્કને અનુસરે છે.
**DENY - DYNE - YNED**
**HUGE - HEGU - EGUH**

**Ans**
- ✔ A. LOST - LTSO - TSOL
- ✗ B. GROW - GRWO - ROWG
- ✗ C. TURN - TRUN - NRUT
- ✗ D. CLOT - LCOT - TLOC

---

**Q.75** અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ પર આધારિત આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવવું જોઈએ?
**MNO PQR STU VWX ?**

**Ans**
- ✔ A. YZA
- ✗ B. YZB
- ✗ C. YYZ
- ✗ D. YAZ

---

**Q.76** સાત બોક્સ, A, B, C, D, E, F અને G, એકબીજાની ઉપર રાખવામાં આવ્યા છે, પરંતુ જરૂરી નથી કે તે આ જ ક્રમમાં હોય. Cની ઉપર ફક્ત એક જ બોક્સ રાખવામાં આવ્યું છે. A સૌથી ઉપરનું બોક્સ નથી. Dની નીચે ફક્ત બે બોક્સ રાખવામાં આવ્યા છે. G એ Dની નીચે છે પરંતુ Fની ઉપર છે. Eને Aની નીચે રાખવામાં આવ્યો છે. A અને E વચ્ચે કેટલા બોક્સ રાખવામાં આવ્યા છે?

**Ans**
- ✗ A. ત્રણ
- ✔ B. એક પણ નહીં
- ✗ C. એક
- ✗ D. બે

---

**Q.77** વિકલ્પોમાંથી તે સમૂહ પસંદ કરો જેમાં સંખ્યાઓ તે જ રીતે સંબંધિત હોય, જે રીતે નીચે આપેલા સમૂહોની સંખ્યાઓ સંબંધિત છે.

(નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં અલગ કર્યા વિના, પૂર્ણ સંખ્યાઓ પર ક્રિયાઓ કરવાની રહેશે. દા.ત. 13 લો. 13 આ સંખ્યા પરની ક્રિયાઓ જેવી કે 13માં સરવાળો/ બાદબાકી/ ગુણાકાર વગેરે પૂર્ણ 13 પર કરી શકાય છે. 13 ને 1 અને 3 માં જુદી પાડીને ત્યારબાદ 1 અને 3 પર ગાણિતિક ક્રિયાઓ કરવાની છૂટ નથી.)

**(12, 36, 3)**
**(15, 75, 5)**

**Ans**
- ✗ A. (7, 72, 12)
- ✗ B. (8, 56, 9)
- ✗ C. (13, 188, 6)
- ✔ D. (14, 56, 4)

---

**Q.78** અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલા ચાર અક્ષર-સમૂહમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને તેથી એક જૂથ બનાવે છે. કયો અક્ષર-સમૂહ તે જૂથ સાથે સંબંધિત નથી?
(નોંધ: અલગ પડતો અક્ષર-સમૂહ વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી.)

**Ans**
- ✗ A. EWO
- ✔ B. MEO
- ✗ C. ASK
- ✗ D. XPH

---

**Q.79** KNIFERS શબ્દના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે છે. આ રીતે બનેલા નવા અક્ષર સમૂહમાં અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ મુજબ, ડાબી બાજુથી ત્રીજા સ્થાને આવેલા અક્ષર અને જમણી બાજુથી ત્રીજા સ્થાને આવેલા અક્ષર વચ્ચે કુલ કેટલા અક્ષરો આવે છે?

**Ans**
- ✗ A. 7
- ✗ B. 5
- ✗ C. 3
- ✔ D. 4

**Q.80** અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલા ચાર અક્ષર-સમૂહમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને તેથી એક જૂથ બનાવે છે. કયો અક્ષર-સમૂહ તે જૂથ સાથે સંબંધિત નથી?
(નોંધ: અલગ પડતો અક્ષર-સમૂહ વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી)

**Ans**
- ✔ A. KHN
- ✗ B. NKP
- ✗ C. VSX
- ✗ D. ROT

**Q.81** WONDERLANDS શબ્દના દરેક સ્વરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેના તરત પછીના અક્ષરમાં બદલવામાં આવે છે અને દરેક વ્યંજનને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેની તરત પહેલાના અક્ષરમાં બદલવામાં આવે છે. આ રીતે બનેલા નવા અક્ષર સમૂહમાં નીચેનામાંથી કયો અક્ષર બરાબર બે વાર આવશે?

**Ans**
- ✗ A. F
- ✔ B. M
- ✗ C. Q
- ✗ D. R

**Q.82** આપેલા વિધાનો અને તારણોને કાળજીપૂર્વક વાંચો. ધારો કે વિધાનોમાં આપેલી માહિતી સાચી છે, ભલે તે સામાન્ય રીતે જાણીતા તથ્યોથી અલગ હોય, તો નક્કી કરો કે આપેલા તારણોમાંથી કયું તારણ/કયા તારણો વિધાનોને તાર્કિક રીતે અનુસરે છે.

વિધાનો:
બધા મણકાં ખુરશીઓ છે.
બધા મણકાં સાધુઓ છે.

તારણો:
(I) કેટલીક ખુરશીઓ સાધુઓ છે.
(II) બધા સાધુઓ મણકાં છે.

**Ans**
- ✗ A. માત્ર તારણ (II) અનુસરે છે.
- ✗ B. ન તો તારણ (I) કે ન તો તારણ (II) અનુસરે છે.
- ✔ C. માત્ર તારણ (I) અનુસરે છે.
- ✗ D. (I) અને (II) બંને તારણો અનુસરે છે.

**Q.83** એક ચોક્કસ તર્કને અનુસરીને, KR 19 એ NM 6 સાથે સંબંધિત છે. તે જ તર્કને અનુસરીને, MV 11 એ PQ -2 સાથે સંબંધિત છે. સમાન તર્કને અનુસરીને, CS 7 એ નીચેનામાંથી કોની સાથે સંબંધિત છે?

**Ans**
- ✔ A. FN -6
- ✗ B. KL 7
- ✗ C. GH 7
- ✗ D. HJ -9

**Q.84** એક ચોક્કસ કોડ ભાષામાં, "ZCKU" ને "94" તરીકે કોડ કરવામાં આવે છે અને "SAPI" ને "126" તરીકે કોડ કરવામાં આવે છે. તો આ કોડ ભાષામાં "GXRB" માટેનો કોડ શું છે?

**Ans**
- ✗ A. 127
- ✗ B. 120
- ✔ C. 114
- ✗ D. 119

**Q.85** સાત લોકો F, G, H, L, M, O અને Q ઉત્તર તરફ મુખ કરીને એક હરોળમાં બેઠા છે. Q ની જમણી બાજુએ કોઈ બેઠું નથી. O એ Q ની તરત જ ડાબી બાજુએ બેઠો છે. Q અને H વચ્ચે ફક્ત ત્રણ લોકો બેઠા છે. F એ L ની ડાબી બાજુએ ત્રીજા સ્થાને બેઠો છે. G એ L ની તરત જ જમણી બાજુએ બેઠો છે. તો M અને O ની વચ્ચે કેટલા લોકો બેઠા છે?

**Ans**
- ✗ A. બે
- ✗ B. એક
- ✔ C. ત્રણ
- ✗ D. ચાર

Q.86 નીચેની ત્રિપુટીમાં, દરેક અક્ષર સમૂહ એક ચોક્કસ તર્કને અનુસરીને અનુગામી અક્ષર સમૂહ સાથે સંબંધિત છે. આપેલા વિકલ્પોમાંથી, તે વિકલ્પ પસંદ કરો જે સમાન તર્કને અનુસરે છે.
LIES - ILSE - LSIE
FROG - RFGO - FGRO

Ans
- ✗ A. PALE - ALEP - LEPA
- ✗ B. SCAM - MSCA - AMSC
- ✗ C. LUCK - UCLK - CLUK
- ✓ D. CUPS - UCSP - CSUP

Q.87 એક ચોક્કસ કોડ ભાષામાં,
A x B નો અર્થ થાય છે કે 'A એ B ના પિતા છે',
A ≠ B નો અર્થ થાય છે કે 'A એ B નો પુત્ર છે',
A ÷ B નો અર્થ થાય છે કે 'A એ B ની પુત્રી છે'અને
A ₹ B નો અર્થ થાય છે કે 'A એ B ની બહેન છે'

ઉપરોક્તના આધારે, જો 'C ÷ D ₹ E ≠ L x M' હોય તો C નો M સાથે શું સંબંધ છે?

Ans
- ✗ A. માતાની માતા
- ✗ B. બહેન
- ✓ C. બહેનની પુત્રી
- ✗ D. પુત્રી

Q.88 દિનેશ બિંદુ A થી શરૂ કરીને પશ્ચિમ તરફ 20 km ડ્રાઈવ કરે છે. ત્યારબાદ તે ડાબો વળાંક લે છે અને 18 km ડ્રાઈવ કરે છે, ડાબો વળાંક લઈને 21 km ડ્રાઈવ કરે છે. ત્યારબાદ તે ડાબો વળાંક લે છે અને 28 km ડ્રાઈવ કરે છે, અંતે તે ડાબો વળાંક લઈને 1 km ડ્રાઈવ કરે છે અને બિંદુ P પર અટકે છે. તો બિંદુ A પર ફરી પાછા પહોંચવા માટે તેણે કેટલું દૂર (સૌથી ટૂંકું અંતર) અને કઈ દિશામાં ડ્રાઈવ કરવું પડશે? (બધા વળાંક ફક્ત 90° ના વળાંક છે સિવાય કે નિર્દેશિત હોય.)

Ans
- ✗ A. 11 km ઉત્તર તરફ
- ✗ B. 10 km ઉત્તર તરફ
- ✓ C. 10 km દક્ષિણ તરફ
- ✗ D. 11 km દક્ષિણ તરફ

Q.89 જો '+' નો અર્થ '–', '–' નો અર્થ '×', '×' નો અર્થ '÷' અને '÷' નો અર્થ '+' હોય, તો નીચે આપેલા સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?)ના સ્થાને શું આવશે?

21 − 4 ÷ 10 + 36 × 4 = ?

Ans
- ✗ A. 90
- ✓ B. 85
- ✗ C. 84
- ✗ D. 89

Q.90 સાત વ્યક્તિઓ F, G, H, L, M, O અને Q એક હરોળમાં ઉત્તર તરફ મુખ રાખીને બેઠા છે. M ની જમણી બાજુએ કોઈ બેઠું નથી. O અને M ની વચ્ચે ફક્ત ત્રણ વ્યક્તિઓ બેઠા છે. M અને L ની વચ્ચે ફક્ત એક જ વ્યક્તિ બેઠી છે. H એ G ની તરત જ ડાબી બાજુએ બેઠો છે. Q એ M ની તરત જ બાજુમાં બેઠો નથી. તો F અને H ની વચ્ચે કેટલા લોકો બેઠા છે?

Ans
- ✗ A. ત્રણ
- ✗ B. એક
- ✗ C. બે
- ✓ D. ચાર

**Q.91** સાત બોક્સ A, B, R, U, P, T અને S પૈકી દરેકને એકબીજાની ઉપર મૂકવામાં આવ્યા છે, પરંતુ જરૂરી નથી કે તે આ જ ક્રમમાં હોય. U ની ઉપર ફક્ત ચાર બોક્સ મૂકવામાં આવ્યા છે. R ની ઉપર ફક્ત એક બોક્સ મૂકવામાં આવ્યું છે. R અને A ની વચ્ચે ફક્ત એક બોક્સ મૂકવામાં આવ્યું છે. S ને T ની તરત ઉપર મૂકવામાં આવ્યું છે. P ને B ની નીચેના કોઈ સ્થાને મૂકવામાં આવ્યું છે. તો B અને S ની વચ્ચે કેટલા બોક્સ મૂકવામાં આવ્યા છે?

Ans
- ✗ A. બે
- ✗ B. એક
- ✓ C. ચાર
- ✗ D. ત્રણ

**Q.92** આપેલી અક્ષર શ્રેણીનો અભ્યાસ કરો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. (ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની રહેશે.)
(ડાબી બાજુ) K D A Z Z X L E L A R A E P E Y U Z F U Q P (જમણી બાજુ)
એવા કેટલા સ્વરો છે જે દરેકની તરત જ પહેલા એક વ્યંજન આવે છે અને તરત જ પછી પણ એક વ્યંજન આવે છે?

Ans
- ✗ A. 5
- ✗ B. 8
- ✗ C. 7
- ✓ D. 6

**Q.93** નીચે આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન ('?') ના સ્થાને શું આવવું જોઈએ?
45 ? 63 81 105 135

Ans
- ✗ A. 54
- ✓ B. 51
- ✗ C. 53
- ✗ D. 52

**Q.94** જો સંખ્યા 7281654 માં દરેક એકી અંકમાં 2 ઉમેરવામાં આવે અને દરેક બેકી અંકમાંથી 1 બાદ કરવામાં આવે, તો આ રીતે બનેલી નવી સંખ્યામાં ડાબી બાજુથી ત્રીજો અંક કયો હશે?

Ans
- ✗ A. 3
- ✗ B. 9
- ✓ C. 7
- ✗ D. 1

**Q.95** અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચેના ચાર અક્ષર-સમૂહમાંથી ત્રણ કોઈ ચોક્કસ રીતે સમાન છે અને તેથી એક જૂથ બનાવે છે. કયો વિકલ્પ તે જૂથમાં આવતો નથી?
(નોંધ: અલગ પડતો વિકલ્પ વ્યંજન/સ્વરની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમના સ્થાન પર આધારિત નથી.)

Ans
- ✗ A. HL-ZS
- ✗ B. QU – IB
- ✗ C. WA-OH
- ✓ D. GK - YP


**Q.96** જો 'P' નો અર્થ '÷', 'Q' નો અર્થ '×', 'R' નો અર્થ '+' અને 'S' નો અર્થ '–' થાય, તો નીચે આપેલા સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવશે?
40 R 16 P 4 S 3 Q 5 = ?

Ans
- ✓ A. 29
- ✗ B. 25
- ✗ C. 30
- ✗ D. 32

Test Prime By Adda247

# Previous Year Papers PDF

PRACTICE MORE, SCORE HIGHER!




PDF

## Free 25,000+ PDF's

High-Quality | Exam-Wise | Updated Regularly

## ATTEMPT AS MOCK

Turn PDFs into real exam experience.
Analyze. Improve. Succeed.

- Topic-wise & Exam-wise PDFs
- Download & Study Offline
- Attempt as Mock & Track Score
- Smart Analysis & Performance

AVAILABLE IN

Banking | SSC | Railway | Teaching | UGC | Agriculture | Nursing

Bihar | UP | Punjab | WB | Odisha | TN | AP & Telangana | Haryana

DOWNLOAD THE APP

| | | |
|---|---|---|
| Q.97 | આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?)ના સ્થાને શું આવવું જોઈએ?<br>92 109 143 194 262 ? | |
| Ans | ✗ A. 349<br>✗ B. 351<br>✓ C. 347<br>✗ D. 345 | |

| | | |
|---|---|---|
| Q.98 | અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?)ના સ્થાને શું આવવું જોઈએ?<br><br>RNT KGM DZF WSY ? | |
| Ans | ✗ A. FPR<br>✗ B. YFT<br>✗ C. WKF<br>✓ D. PLR | |

| | | |
|---|---|---|
| Q.99 | સાત બોક્સ, E, F, G, H, I, J અને R પૈકી દરેકને એકબીજાની ઉપર રાખવામાં આવ્યા છે, પરંતુ જરૂરી નથી કે તે આ જ ક્રમમાં હોય. E ની નીચે ફક્ત બે બોક્સ રાખવામાં આવ્યા છે. R ની ઉપર ફક્ત એક બોક્સ રાખવામાં આવ્યું છે. R અને H ની વચ્ચે ફક્ત એક બોક્સ રાખવામાં આવ્યું છે. G ને J ની તરત ઉપર રાખવામાં આવ્યું છે. F ને I ની નીચે કોઈ એક સ્થાને રાખવામાં આવ્યું છે. I અને F ની વચ્ચે કેટલા બોક્સ રાખવામાં આવ્યા છે? | |
| Ans | ✗ A. બે<br>✓ B. એક<br>✗ C. શૂન્ય<br>✗ D. ત્રણ | |

| | | |
|---|---|---|
| Q.100 | એક ચોક્કસ કોડ ભાષામાં, 'NHJCR' ને '77' તરીકે કોડ કરવામાં આવે છે અને 'QETLO' ને '61' તરીકે કોડ કરવામાં આવે છે. તો આપેલી કોડ ભાષામાં 'PHASJ' માટેનો કોડ શું છે? | |
| Ans | ✗ A. 70<br>✗ B. 52<br>✓ C. 76<br>✗ D. 55 | |

"